# પૂર - પ્રાણીઓ અને જંતુઓથી થતાં જોખમ

## પૂર પછી પ્રાણીઓ અને જંતુઓ સામે કેવી રીતે પગલાં લેવા તે વિષે માહિતી

**Gujarati | ગુજરાતી**

**OFFICIAL**

જ્યારે પૂરગ્રસ્ત વિસ્તારમાં પાછા ફરો ત્યારે તીણા દાંતવાળા મોટા ઉંદર (રોડન્ટ), સાપ અથવા કરોળિયાં તમારા ઘર, છાપરી કે બગીચામાં ભરાઇ ગયા હોય તેવું બને.

### સાપ સામે પગલાં લેવા

- જ્યારે બહાર ખુલ્લી જગ્યામાં હોવ:
  - ✓ મજબૂત બૂટ, હાથનાં મોજાં અને તમારા પગની સુરક્ષા માટે લાંબા પેન્ટ પહેરો
  - ✓ પૂર પછી સફાઇ કરતી વખતે તમારા હાથ અને પગનાં પંજા પર વધારે ધ્યાન આપો
  - ✓ જો તમને સાપ દેખાય તો, દૂર જતાં રહો અને તેને તેના રસ્તે જવા દો - તેને અડશો નહિં
  - ✓ પાણીમાં તરતાં સાપોથી વાકેફ રહો
  - ✓ તમારે તમારા ઘરની આસપાસથી કચરો સાફ કરી નાંખવો જોઇએ કારણ કે તે સાપો, કરોળિયા અને મોટા ઉંદરને આકર્ષી શકે છે.

- જો તમને તમારા ઘરમાં સાપ દેખાય તો, ગભરાઇ જશો નહિં, ધીરેથી તેનાથી દૂર જતાં રહો અને તેને તેના રસ્તે જવા દો. તેને અડશો નહિં. તમારા વિસ્તારમાં સાપ પકડવાવાળાની સૂચિ માટે ૧૩૬ ૧૮૬ પર પરિયાવરણ, જમીન, પાણી અને યોજના ખાતાને ફોન કરો.
- જો તમને સાપ કરડી જાય તો:
  - ✓ કરડ્યો હોય તે ભાગની ચામડી ધોશો નહિં
  - ✓ સ્થિર રહો અને ૦૦૦ પર ફોન કરીને તાત્કાલિક તબીબી સહાય મેળવો
  - ✓ કરડ્યો હોય તે ભાગ તમારા હ્રદયથી નીચેના સ્તરે રહે તેવી રીતે સૂઇ જાવ અથવા બેસો.
  - ✓ તે ભાગ ચોખ્ખાં અને કોરા પાટાથી ઢાંકો. જો ઉપલ્બ્ધ હોય તો, કરડ્યો હોય તે ભાગની આસપાસ સજ્જડ પાટો બાંધવાની પણ ભલામણ છે.
  - ✓ ક્યારે કરડ્યો હતો અને ક્યારે પાટો બાંધ્યો હતો તે સમય નોંધી લો
  - ✓ ટૂર્નિકેટ (રક્તસ્રાવ બંધ કરવા માટે ધમનીને દબાવી રાખવાનું સાધન) ન લગાડો, ઝેર કાઢવા કરડ્યો હોય તે ભાગ ન કાપો કે ઘામાંથી ઝેર ચૂસી લેવા પ્રયત્ન ન કરો.

### કરોળિયાં સામે પગલાં લેવાં

- જો તમને કરોળિયો કરડી જાય તો:
  - ✓ તે ભાગ ધોઇ નાંખો અને પીડા ઓછી કરવા બરફનો ઉપયોગ કરો
  - ✓ દબાણ ન આપશો
  - ✓ જો તમને રેડબેક કરોળિયો કરડ્યો હોય કે તમારા ચિન્હો વણસી રહ્યા હોય તો, તરત જ તબીબી સહાય મેળવો.

## મોટા ઉંદર અને જંતુઓ સામે પગલાં લેવા

- મોટા ઉંદરો જેવા કે છછુંદર અને કોળ રોગો ફેલાવે છે. તમારે ખોરાક અને ઉંદરોને આશ્રય આપી શકે તેવી અન્ય વસ્તુઓ દૂર કરવી જોઇએ.
- કચરો દૂર કરો અને કચરાપેટી પર ઢાંકણું ઢાંકો. જો જરૂરી હોય તો, સૂકા વિસ્તારોમાં ઉંદર પકડવાનાં સાધનો ગોઠવો.
- બંધિયાર પાણીથી દૂર રહો કેમ કે તેમાં મચ્છર થાય છે. તમારું શરીર શક્ય તેટલું ઢાંકેલું રાખો અને મચ્છર દૂર કરવાનો પદાર્થ લગાડો.
- માખીઓ રોગો ફેલાવી શકે છે. ખાદ્ય કચરો તરત જ દૂર કરો કેમ કે તે માખીઓ માટે સંવર્ધક છે.
- જો કોઇ પ્રાણી કરડી ગયું હોય કે ઇજા પહોંચાડી હોય અથવા જંતુ ચટકી ગયું હોય તો, તમારા ડૉક્ટરની સલાહ લો અથવા ૧૩૦૦ ૬૦ ૬૦ ૨૪ પર નર્સ-ઓન-કોલ દિવસના ૨૪ કલાક, અઠવાડિયાના ૭ દિવસ ફોન કરો.

આ પ્રકાશનને સુલભ સ્વરૂપમાં મેળવવા pph.communications@health.vic.gov.au પર ઇમેલ કરો